
# આ અબ લૌટ ચલેં



૯ મે ૨૦૨૫ ના દિવસે પ્રેસિડન્ટ ટ્રમ્પે ઘરવાપસી એટલે કે 'પ્રોજેક્ટ હોમકમિંગ' ની ઘોષણા પર પોતાની સહી કરી અને અમેરિકામાં ગેરકાયદે રહેનારા ઈમિગ્રન્ટોને પોતાના દેશમાં પોતાની મરજીથી પાછા ફરવા માટેની સુવિધા કરી આપી.

જો તમે અમેરિકામાં ગેરકાયદેસર રહેતા હો અને તમે તમારા દેશમાં પાછા ફરવા માગતા હો તો હોમલેન્ડ સિક્યુરિટી ડિપાર્ટમેન્ટ તમને એ માટે સુવિધા કરી આપે છે. એટલું જ નહીં તમને પાછા ફરવા માટે પ્લેનની મફત ટિકિટ અને ૨૬૦૦ યુએસ ડોલર્સ બોનસ રૂપે આપે છે અને તમારે ગેરકાયદે રહેવાને કારણે જે દંડ ભરવાનો થતો હોય એ પણ માફ કરવામાં આવે છે. તમને અમેરિકામાં તમારો ધંધો સમેટવાનો અને તમારાં બાળકોને સ્કૂલ ટર્મ પૂરી કરવાનો સમય પણ આપવામાં આવે છે. આ બધું કરવાની વિધિ ખૂબ જ સરળ બનાવી દેવામાં આવી છે. તમારે તમારા પોતાના જ મોબાઈલમાં સીબીપી હોમ નામની મોબાઈલ એપ ખોલીને એમાં તમારી વ્યક્તિગત જાણકારી ભરીને મોકલવાની રહે છે. જેથી તમારો નંબર રજીસ્ટર થઈ જશે ત્યાર બાદ યુએસસીઆઈએસ (યુનાઈટેડ સ્ટેટ્સ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિસ)નું એએસસી (એપ્લિકેશન સપોર્ટ સેન્ટર) તમને ગાઈડ કરશે. સીબીપી હોમ એપનો પ્રતિનિધિ તમને ફોન કે ઈમેલ દ્વારા સંપર્ક કરીને આગળ કયા કયા ફોર્મ ભરવા અને કઈ કઈ વિધિઓ કરવી એ જણાવશે.

આ એપમાં રજીસ્ટર કર્યા પછી તમને એક ઈમેલ દ્વારા લિંક અને ક્યુ આર કોડ મોકલવામાં આવશે. જે દરેક વ્યક્તિના વ્યક્તિગત હશે અને એ બીજા કોઈ સાથે શેર નહીં કરી શકાય.

જો તમે ૧૪ વર્ષથી નીચેના બાળકનાં મા-બાપ અથવા કાયદેસરના વાલી હશો તો તમારે એમના માટે અલગ ફોર્મ ભરીને એનો અલગ એકાઉન્ટ બનાવવાનો રહેશે.

તમને પ્રશ્ન થશે કે યુએસ ગવર્મેન્ટ ઈલિગલ ઈમિગ્રન્ટો પર આટલી મહેરબાન કેમ થઈ ગઈ છે? પ્લેનની ફ્રી ટિકિટ આપે છે ઉપરથી ૨૬૦૦ ડોલર્સનું બોનસ આપે છે અને દંડની રકમ પણ માફ કરે છે. આ બધું કરવા પાછળનું કારણ શું છે? કારણ એ છે કે ગવર્મેન્ટ જો ઈલિગલ ઈમિગ્રન્ટોને શોધી શોધીને એમને ડિપોર્ટ કરે એટલે કે પોતાના દેશમાં પાછા મોકલે તો એનો એમને વ્યક્તિ દીઠ ૧૫,૦૦૦ થી ૧૮,૦૦૦ ડોલર્સ જેટલો ખર્ચો આવે. જ્યારે એક ઈલિગલ ઈમિગ્રન્ટ પોતાની મરજીથી બહાર આવીને પોતાના દેશમાં પાછો જવા ઈચ્છે તો ગવર્મેન્ટને આ બધા બોનસ આપવા છતાં કુલ્લે ૫,૦૦૦ ડોલર્સ જેટલો જ ખર્ચ આવે છે. આવી લલચામણી ઓફરના કારણે ઘણા ઈલિગલ ઈમિગ્રન્ટો બહાર આવીને પોતાના દેશમાં પાછા ફરશે એવું ગવર્મેન્ટનું માનવું છે. જેથી એમનો ખર્ચ ઓછો થશે, વધુ ને વધુ ઈલિગલ ઈમિગ્રન્ટો અમેરિકાની બહાર નીકળી જશે અને ઈલિગલ ઈમિગ્રન્ટોને શોધીને પાછા મોકલવા માટેની કડાકૂટમાંથી પણ ગવર્મેન્ટનો છૂટકારો થશે.

**વિઝા મિત્ર**

**★ સંગીતા જોશી**

ટૂંકમાં ઈલિગલ ઈમિગ્રન્ટે સીબીપી હોમ એપમાં રજીસ્ટર કરાવવાનું રહેશે. પોતાની વ્યક્તિગત અને ઈમિગ્રેશનની વિગતો આપવાની રહેશે. પછી ઓથોરિટી એમનું કોઈ ક્રિમિનલ બેગ્રાઉન્ડ તો નથી એની ખાતરી કરશે. એમની પ્લેનની ટિકિટની વ્યવસ્થા કરી આપશે. વ્યક્તિ પોતાના દેશમાં પોતાની મરજીથી પાછો ફરશે અને એને ૨૬૦૦ ડોલર્સનું બોનસ આપવામાં આવશે. સિટિઝનશીપ ધરાવતાં બાળકો સહિત પણ એ પાછો ફરી શકે છે.

શું આ પ્રોગ્રામ દેખાય છે એટલો આકર્ષક છે? એક તો દરેક વ્યક્તિ આ પ્રોગ્રામ હેઠળ લાયક ઠરશે જ એની કોઈ ગેરંટી નથી. જેનો નાનકડો પણ ક્રિમિનલ રેકોર્ડ હશે જેવો કે (રેશ ડ્રાઈવિંગ અથવા દારૂ પીને ગાડી ચલાવવી) એ વ્યક્તિ પણ રિજેક્ટ થઈ શકે છે અને જો તમે એક વાર ઈલિગલ ઈમિગ્રન્ટ તરીકે છતા થઈ ગયા તો તમારે આ બધી ઓફર ન મળે તો પણ અમેરિકા છોડી દેવું પડે. બીજું તમને ત્રણ કે દસ વર્ષનો અથવા એથી વધુ વર્ષોનો અમેરિકામાં પ્રવેશનો મનાઈ હુકમ પણ લાગી શકે છે. આ પ્રોગ્રામ તમને કાયદેસર રીતે અમેરિકામાં પાછા ફરી જ શકશો એવી કોઈ ગેરંટી આપતો નથી. તમને પ્લેનની ટિકિટ કે ૨૬૦૦ ડોલર્સનું બોનસ મળશે જ એવી પણ ગેરંટી નથી. ઘણા ઈલિગલ ઈમિગ્રન્ટોએ છાપામાં એવા ઈન્ટરવ્યૂ પણ આપ્યા છે કે અમને અમારું બોનસ આપવામાં જ નથી આવ્યું. ઘણા એવું પણ કહે છે કે અપ્લાય કર્યા બાદ તેઓ ગુંચવણભરી પરિસ્થિતિમાં મુકાઈ ગયા હતા. ખાસ કરીને જો તેમની એપ્લિકેશન રિજેક્ટ કરવામાં આવે તો. તમારે આ પ્રોગ્રામનો લાભ લેવા માટે સૌ પ્રથમ તમે કોણ છો? અને ક્યાં છો? એ છતું કરવું પડે છે અને જો તમે આ કર્યા બાદ લાયક ના ઠરો તો તમને જબરજસ્તીથી અમેરિકામાંથી ડિપોર્ટ પણ કરી દેવામાં આવે.

'આ અબ લૌટ ચલેં' નો નિર્ણય લેતા પહેલાં શું ધ્યાન રાખવું?

એક તો આ પ્રોગ્રામ તમને માફી નથી આપતો. તમે ફરી પાછા અમેરિકામાં કાયદેસર પ્રવેશ કરી શકશો એવી કોઈ ગેરંટી નથી આપતો. દરેક માટે આ પ્રોગ્રામ સેફ નથી કારણ કે જો યોગ્ય રીતે આ પ્રોગ્રામ હેઠળ તમે અમેરિકા છોડશો નહીં તો તમારું ભવિષ્યનું ઈમગ્રેશન પણ જોખમમાં આવી જશે આથી આ પ્રોજેક્ટમાં ભાગ લેતા પહેલાં કોઈ ઈમિગ્રેશનના કાયદાના જાણકાર એડવોકેટ અથવા ઈમિગ્રેશનના કાયદાના જાણકાર કન્સલ્ટન્ટની સલાહ લેવી આવશ્યક છે.

**આ પ્રોગ્રામ તમને કાયદેસર રીતે અમેરિકામાં પાછા ફરી જ શકશો એવી કોઈ ગેરંટી આપતો નથી. તમને પ્લેનની ટિકિટ કે ૨૬૦૦ ડોલર્સનું બોનસ મળશે જ એવી પણ ગેરંટી નથી. તમને ત્રણ કે દસ વર્ષનો અથવા એથી વધુ વર્ષોનો અમેરિકામાં પ્રવેશનો મનાઇ હુકમ પણ લાગી શકે છે**

આ પ્રોગ્રામ ફક્ત અમેરિકામાં ગેરકાયદેસર રહેનાર માટે જ છે. જેવા કે વિઝા ન હોવા છતાં ઓવરસ્ટે કર્યું હોય અથવા તો અમેરિકાની બોર્ડર ઈલિગલી ક્રોસ કરી હોય. આ પ્રોગ્રામ સ્ટુડન્ટ્સ, એચવનબી વર્કર કે લિગલ ટુરિસ્ટને લાગુ નથી પડતો. જો તમે અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા હો પણ તમારા માટે કોઈએ ફેમિલી પિટિશન દાખલ કર્યું હોય અથવા કોઈ ચાઈલ્ડ સ્ટેટસ પ્રોટેક્શન એક્ટ હેઠળ લાયક ઠરવાનું હોય તો એણે ભૂલેચૂકે પણ આ પ્રોગ્રામનો લાભ લેવા જવું નહીં કારણકે અમેરિકા તો તમને તમારા દેશમાં રવાના કરી દેશે પણ પછી તમારું પાછા અમેરિકામાં દાખલ થવું અશક્ય થઈ જશે માટે 'આ અબ લૌટ ચલેં' પણ 'સોચ સમજ કે'.

# નોટિસ આપ્યા વિના વાહન જપ્ત કરી શકાય?



ધિરાણ આપેલ વાહનને બેંક / ફાઈનાન્સ કંપની નોટિસ આપ્યા વિના અને બળપૂર્વક જપ્ત કરી શકે નહીં એવું સર્વોચ્ચ ગ્રાહક અદાલત એટલે કે નેશનલ કન્ઝ્યુમર ડિસ્પ્યુટર્સ રિડ્રેસલ કમિશને તાજેતરમાં એક મહત્ત્વના ચુકાદામાં જણાવ્યું છે.

મેગ્ના લિઝિંગ લિ. વિરુદ્ધ પ્રસન્ન મોહાપાત્રના આ કેસની વિગત એવી છે કે, પ્રસન્ન મોહાપાત્ર (મૂળ ફરિયાદી) એ મેગ્ના લિઝિંગ લિ. (સામાવાળા) કનેથી મહેન્દ્ર માઘર વાહન ખરીદવા માટે લોન મેળવી હતી જે લોન રૂ. ૧૦,૦૦૩/- એવા ૩૬ માસિક EMIમાં પરત ચૂકવવાની હતી.

લોનની પરત ચૂકવણીની મુદત પૂરી થાય તે પહેલાં મજકૂર વાહન ભુવનેશ્વર જઈ રહ્યું હતું ત્યારે હાઈવે પર તેને અટકાવીને સામાવાળાના એજન્ટોએ બળપૂર્વક મજકૂર વાહન જપ્ત કરી લઈ લીધું હતું.

વાહનને જપ્ત કરવા સામું ફરિયાદીએ સંબધિત પોલીસ સ્ટેશનમાં FIR નોંધવી હતી. ફરિયાદીના જણાવ્યા પ્રમાણે ૩૬ EMIમાંથી તેણે ૨૬ EMI ભરપાઈ કરી દીધા હતા અને કોઈ રકમ ઓવરડ્યુ ન હતી. જેથી વાહનને જપ્ત કરવાનો પ્રશ્ન ઊભો થયો હતો નહીં. ફરિયાદીએ સ્ટેટ કમિશનમાં પણ સામાવાળા અને તેના એજન્ટો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી હતી.

સામાવાળાઓ તરફે જણાવાયું હતું કે, ફરિયાદીએ EMI જેતે મહિનાની નિયત તારીખોએ ચૂકવ્યા ન હતા. જેથી પક્ષકારો વચ્ચે કરારની શરત નં. ૧૫ મુજબ સામાવાળાને વાહન જપ્ત કરવાનો હક્ક પ્રાપ્ત થતો હતો અને તે અન્વયે વાહન જપ્ત કરી કબજે લેવાયું હતું.

**ગ્રાહક મંચ**

**★ શ્રેયસ દેસાઈ (એડવોકેટ)**

સ્ટેટ કમિશને ઠરાવ્યું હતું કે, વાહન સામાવાળા દ્વારા જપ્ત કરાયું ત્યાં સુધી ફરિયાદીએ સામાવાળા ને રૂ. ૩,૭૫,૧૭૫/- જેવી રકમ ચૂકવી દીધી હતી અને કોઈ રકમ ઓવરડ્યુ હતી નહીં. જે હકીકતમાં સામાવાળા દ્વારા વાહન જપ્ત કરવાને મનસ્વી અને સેવામાં ક્ષતિ સમાન ઠરાવી સ્ટેટ કમિશને ફરિયાદીએ સામાવાળાને રૂ. ૪,૦૦,૦૦૦/- વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો.

મજકૂર હુકમથી નારાજ મેગ્ના લિઝિંગ લિ. અને તેના એજન્ટો (સામાવાળાઓ)એ નેશનલ કમિશન સમક્ષ અપીલ ફાઈલ કરી હતી.

નેશનલ કમિશનની પ્રિસાઈડિંગ મેમ્બર જસ્ટિસ વી.કે. કિનગાઉકર અને મેમ્બર વિનય કુમારની આપેલા ચુકાદામાં પણ સામાવાળા દ્વારા કોઈ પણ નોટિસ આપ્યા વિના અને બળપૂર્વક (Forcibly) ફરિયાદીનું વાહન જપ્ત કરી લેવાના સામાવાળાના પગલાંને મનસ્વી અને સેવામાં ગંભીર ખામી જણાવી સામાવાળાઓની અપીલ ફગાવી દીધી હતી અને ફરિયાદીને રૂ. ૪,૦૦,૦૦૦/- નુકસાન વળતર ચૂકવવાનો સામાવાળાઓને આદેશ આપતો સ્ટેટ કમિશનનો હુકમ કન્ફર્મ કર્યો હતો તેમ જ વધુમાં કાનૂની કાર્યવાહીના ખર્ચ માટે બીજા રૂ. ૧૦,૦૦૦/- ફરિયાદીને ચૂકવવાનો સામાવાળાને આદેશ આપ્યો હતો.

**લોનની પરત ચૂકવણીની મુદત પૂરી થાય તે પહેલાં મજકૂર વાહન ભુવનેશ્વર જઈ રહ્યું હતું ત્યારે હાઈવે પર તેને અટકાવીને સામાવાળાના એજન્ટોએ બળપૂર્વક મજકૂર વાહન જપ્ત કરી લઈ લીધું હતું**

આમ, ધિરાણવાળું વાહન બેંક / ફાઈનાન્સર દ્વારા નોટિસ આપ્યા વિના જપ્ત કરી શકે નહીં અને બળપૂર્વક (Forcibly) તો જપ્ત થઈ શકે નહીં અને આમ છતાં જો આ રીતે વાહન જપ્ત કરી બેંક / ફાઈનાન્સ દ્વારા કબજે લઈ લેવાય તો તેઓ ગ્રાહકને મોટું વળતર ચૂકવવા જવાબદાર બની શકે.

**કેન્ડલ લાઈટ**

જીવો છો, એ જ આશે 'સૈફ' કે એક દિ' મરી જાશો,
પણ એ અવસર બહુ લાંબો જો ઠેલાશે, તો શું કરશો?

**- 'સૈફ' પાલનપુરી**